## || ॐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ યોગીશ્વરાય નમ: || (૧૦૦)

## જે સમસ્ત યોગીજનોના સ્વામી છે, તે શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

૨૩ નવેમ્બર ૧૯૨૬ ના રોજ શિવશક્તિરૂપ ભગવાન બાબાનું આ પૃથ્વી પર અવતરણ થયું અને તેના બીજે જ દિવસે યોગી શ્રી અરવિંદે તેમના આશ્રમના બધા ભક્તોને ભેગા કરીને એક ઘોષણા કરી કે-"મને એવું જણાય છે કે, સાક્ષાત શ્રી કૃષ્ણ ભગવાન આ પૃથ્વી પર દેહ લઈને અવતર્યા છે. તે શક્તિ આપણા વિચારો ઉચ્ચ ભૂમિકાએ લઈ જશે. આ મર્ત્ય ભૂમિ પર તે બધાના અંત: કરણમાં આત્મ જ્યોત પ્રગટાવી રાખશે. તેનો અવાજ અનેક લોકોના કાન સુધી પહોંચશે-આજે પરમેશ્વરનું પૃથ્વી પર અવતરણ થયું છે."

આનાથી પણ હજારો વર્ષ પૂર્વે ભૃગુ, અગત્સ્ય, વશિષ્ઠ અને શુક મુનિએ ભગવાન બાબાના અવતાર વિશે પોતાના નાડી ગ્રંથોમાં સવિસ્તર માહિતી આપી છે.

૧૯૫૭ ની સાલમાં વ્યંકટગિરિમાં ભરાયેલા ' ડિવાઈન લાઈફ કન્વેન્સન ' પછી સ્વામી સચ્ચિદાનંદે ' શ્રી સત્ય સાઈ બાબા એ ચિદ્ઘન મૂર્તિ, સર્વજ્ઞ, સર્વાંતરયાત્રી તેમજ સર્વભૂતાન્તરાત્મા છે' એવા ઉદ્ગાર કાઢયા હતા. ઋષિકેશના સ્વામી શિવાનંદ તેમજ શ્રી મહાપુરુષજીએ બાબાનું શ્રેષ્ઠત્વ વિશે આદરભાવ વ્યક્ત કર્યો છે. પરમપૂજ્ય ગગનગિરિનાથ આ પરમ યોગીરાજે યોગીશ્વર સત્યસાઈ બાબા વિશે આ પ્રમાણે ઉદ્ગાર કાઢયા છે – " વર્તમાન કાળમાં આપણા દેશમાં, હિમાલયથી લઈને કન્યાકુમારી સુધી અનેક સાધુઓ ગુપ્ત સ્થળે હજારો વર્ષોથી તપ સાધના કરે છે, પરંતુ આ બધાનું તપ સામર્થ્ય જો ભેગું કરવામાં આવે તો પણ તે" શ્રી સત્યસાઈ ના તેજની સામે ઝાંખું પડશે. "

ગંગા, યમુના અને સરસ્વતીનો પવિત્ર ત્રિવેણી સંગમ જ્યાં થાય છે તે તીર્થરાજ પ્રયાગના 'દેવરાહ બાબા ' જેમની ઉંમર ૪૫૦ વર્ષ કરતા પણ વધુ છે તેમણે ભગવાન બાબા વિશે આવા ઉદ્ગાર કાઢયા છે - "આ તો સાક્ષાત્ ભગવાન શિવ છે. પરબ્રહ્મ સ્વરૂપ! "

યોગી કથામૃત નામના વિશ્વવિખ્યાત ગ્રંથના લેખક પરમહંસ યોગાનંદ કહે છે-"ઈશ્વરે પૃથ્વી પર અવતાર લીધો છે તે દક્ષિણ ભારતમાં ' સાઈબાબા' ના નામથી પ્રખ્યાત છે." યોગી કથામૃતમાં વર્ણન કરેલા મહાઅવતાર બાબા એટલે બાબાજી તેમની ઉંમર હજાર વર્ષ કરતા વધુ છે તેઓ કહે છે કે-"હું ભગવાન શિવના ત્રણે અવતારથી પરિચિત છું. મેં શિરડી સાઈના દર્શન કર્યા છે, વર્તમાનના સત્યસાઈ અવતારના પણ દર્શન કરતો રહું છું. (આ ઘટનાના સાક્ષીદાર હોવાવાળા કેટલાક ભાગ્યશાળી આપણામાં છે.) તેમજ ભવિષ્યના પ્રેમસાઈ અવતાર વિશે મને ખબર છે."

આવા આ સર્વ યોગીજનોના સ્વામી ભગવાન બાબાના દર્શનનો લાભ આખા વિશ્વના કરોડો ભક્તો આજે લઈ રહ્યા છે તે ખરેખર જ મહાભાગ્યશાળી છે.

|| ॐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||